॥ શ્રી મહાવીરાય નમઃ ॥
॥ ૐ શ્રી ઇષ્ટદેવતા માંડવરાય દાદા નમો નમઃ ॥
॥ શ્રી અંબે માતાયે નમઃ ॥

શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનનું મુખપત્ર

નવેમ્બર - ૨૦૨૪

સ્થાપના તા. ૨૫-૧૨-૧૯૯૯ • ત્રિમાસિક પ્રકાશન

ટ્રસ્ટ રજી. નં. A3019

# परिचय
# પરિચય
# PARICHAYA




સંપાદક : અલ્પેશ બળવંતરાય પટેલ

*In The Loving Memory of.....*



**LT. SHRI. MANILAL MULJI PATEL**



**LT. SMT. DHANGAURIBEN MANILAL PATEL**



**LT. SMT. RITA NITIN PATEL**

~~~~~~~~~~~~~~~~ *From* ~~~~~~~~~~~~~~~~

*Dilipkumar Manilal Patel*
*Pragna Dilipkumar Patel*
*Dipen Dilipkumar Patel*

*Amit Dilipkumar Patel*
*Bhavisha Amit Patel*
*Vanshi Amit Patel*

*Nitin Manilal Patel*
*Jinit Nitin Patel*
*Rini Jinaybhai Gala*

## • અનુદાન •

પુજ્ય શ્રી માંડવરાયજીદાદાની કૃપા અને વડીલોના આશીર્વાદથી

અમારા **સ્વ. માતૃશ્રી કંચનબેન હર્ષદરાય પટેલ અને પિતાશ્રી હર્ષદરાય મનહરલાલ પટેલ** (મુળ-સરપદડ, હાલ-વડોદરા)ના સંસ્કાર વડલા હેઠળ સંસ્કારમય જીવન જીવતા અમો ભાઈ બહેન વડીલ વંદના કરતાં હર્ષ અનુભવીએ છીએ શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનના તમામ કુટુંબીજનોના સારા આરોગ્ય-તંદુરસ્તી-સુખાકારી માટે પુજ્ય શ્રી માંડવરાયજીદાદાને પ્રાર્થના કરીએ છીએ આ પ્રસંગે શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનને રૂપિયા

**રૂા. ૧,૦૦,૦૦૦/– : મેડિકલ સહાય ફંડમાં અને**

**રૂા. ૧,૦૦,૦૦૦/– : એજ્યુકેશન સહાય ફંડમાં સપ્રેમ અર્પણ**

**હ. ફાલ્ગુનીબેન ચેતનકુમાર દોશી (પુત્રી)**
**જ્યોતિન્દ્ર હર્ષદરાય પટેલ (પુત્ર)**
**મિતુલ હર્ષદરાય પટેલ (પુત્ર)**
**ખુબ ખુબ અનુમોદના**
**હ. મેઘેન્દ્ર રાય મનહરલાલ પટેલ**
**જામનગર**


~~~~~~~~~~~~~~~~

## પ્રમુખશ્રીની કલમે

– રાજીવ જયંતિલાલ પટેલ

પ્રણામ કુટુંબીજનો,

નૂત્તન વર્ષાભિનંદન....!!

નવું વર્ષ શ્રી માંડવરાયજીદાદા અને શ્રી અંબે માં આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃધ્ધી અને તંદુરસ્તી અર્પે એવી હૃદયપૂર્વક પ્રભુને પ્રાર્થના....!!

આપ સૌ જાણો છો કે દર વર્ષે આપણે આપણા કુટુંબનું વાર્ષિક સંમેલન મુળી ખાતે આયોજન કરીએ છીએ જેમાં સુર્યયજ્ઞ, સ્નેહ મિલન, સાધારણ સભા ની સાથોસાથ બે કે ત્રણ દિવસની નજીકના સ્થળોની જાત્રાનું પણ આયોજન કરીએ છીએ.

શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનની સ્થાપના થયા ૨૪ વર્ષ પુર્ણ કરી અડીખમ વટવૃક્ષ બની ૨૫માં વર્ષ મંગલ પ્રવેશ થયો છે તો આપણે સૌ સાથે મળીને ઉત્સાહ, આનંદ, ઉલ્લાસથી શ્રી જૈન પટેલ ફાઉન્ડેશન નું ૨૫મું વર્ષ રંગે ચંગે **રજત જયંતિ વર્ષ** તરીકે ઉજવીએ અને યાદગાર ઐતિહાસિક બનાવીએ.

### રજતજયંતી વર્ષ ઉજવણી મુખ્ય કાર્યક્રમ

- **શ્રી ગિરનારજી તિર્થ જાત્રા–મુળી સુર્યયજ્ઞ તથા વાર્ષિક સંમેલન–૨૦૨૪**
- **ચાર દિવસીય કાર્યક્રમની ટૂંકી રૂપરેખા**
- **તા.૨૬–૧૨–૨૦૨૪ ગુરૂવાર થી તા.૨૯–૧૨–૨૦૨૪ રવિવાર**

#### તા. ૨૬–૧૨–૨૦૨૪, ગુરૂવાર

- જામનગર અને રાજકોટથી બસ ધ્વારા રાત્રે શ્રી ગિરનારજી તીર્થ જવા રવાના (મોરબી / વાંકાનેર / કાલાવડ તથા નજીકના અન્ય શહેરો જામનગર અને રાજકોટથી જોડાશે)
- મુંબઈ/સુરત/વડોદરા/અમદાવાદ થી આવનાર માટે એકમાત્ર ટ્રેન સૌરાષ્ટ્ર જનતાની સુવિધા છે જે ૨૭-૧૨-૨૦૨૪ ના વહેલી સવારે જુનાગઢ પહોંચશે અથવા અન્ય કોઈ ટ્રાવેલ્સ સુવિધા ધ્વારા રાજકોટ થી જોડાશે
- રાત્રી રોકાણ જુનાગઢ

#### તા. ૨૭–૧૨–૨૦૨૪, શુક્રવાર

- વહેલી સવારે **શ્રી ગિરનારજી તીર્થ પગપાળા જાત્રા**
- રોપવે સ્વખર્ચે
- સવારે નવકારશી અને બપોરે જમણ જુનાગઢ માં
- બપોરે સાસણગીરના લીલા પહાડો વચ્ચે **'નયનરમ્ય સુંદર સુખસાગર રિસોર્ટ'**માં આગમન સાથે હાઈ ટી
- ગુજરાત સરકાર ધ્વારા નવનિર્મિત **સનસેટ પોઈન્ટ** મુલાકાત (રિસોર્ટ થી વોકીંગ ડિસ્ટન્સ)
- રાત્રે ચટપટું લહેજતદાર **સ્ટ્રીટ ફૂડ**
- જુનાગઢનો પ્રખ્યાત **ધમાલ ગ્રુપ નો ધમાલ ડાન્સ**
- રાસગરબા અને ડી.જે. ડાન્સ વીથ ફાયર કેમ્પ
- રાત્રિ રોકાણ રિસોર્ટમાં

#### તા. ૨૮–૧૨–૨૦૨૪, શનિવાર

- સવારે બ્રેક ફાસ્ટ
- દેવળીયા પાર્ક (સ્વખર્ચે)
- બપોરે સુપર ડુપર લંચ લઈ ડોળિયા તરફ રવાના
- સાંજે કાઠીયાવાડી ભાણું ચોટીલા
- રાત્રી રોકાણ ડોળિયા

#### તા. ૨૯–૧૨–૨૦૨૪, રવિવાર

- **'વહેલી સવારે ડોળિયા થી મુળી મીની પદયાત્રા'**
- પદયાત્રીઓ માટે મુળી નવકારશી અને ફ્રેશ થવા માટે વ્યવસ્થા
- બાકી બધા માટે સવારે ડોળિયા નવકારશી, ત્યાંથી મુળી જવા રવાના
- મુળી સુર્યયજ્ઞ
- બપોરે બીડું હોમી **મહા પ્રસાદ**
- વાર્ષિક સંમેલન
- દાતાશ્રીઓના બહુમાન
- વડીલ વંદના સમારોહ
- લક્ષ્મી સન્માન સમારોહ
- સાંજે **મહાઆરતી**
- રાત્રે ચટપટું ફાસ્ટ ફુડ
- ત્રણેય દિવસ ચૌવિહારની વ્યવસ્થા ત્યારબાદ **પુર્ણાહુતી**

ચાર દિવસીય કાર્યક્રમનો નકરો વ્યક્તિ દીઠ રૂા. ૨૧૦૦/–

૫ વર્ષ ઉપરના બાળકો માટે રૂા. ૨૧૦૦/–

☞ **નોંધ લેશો :**

રૂા. ૨૧૦૦/- કાર્યક્રમ નકરો ભરનારને જ બસમાં બેસવાની સિટ ફાળવણી કરવામાં આવશે

કાર્યક્રમ નકરો અનિવાર્ય સંજોગોને બાદ કરતાં કોઈ પણ સંજોગોમાં પરત કરવામાં નહીં આવે આપના સ્થાને કોઈ પણ કુટુંબીજન આવી શકશે

**કાર્યક્રમ ફી ભરવાની અંતિમ તા.૩૦–૧૧–૨૪, શનિવાર**

☞ **નકરો ભરવા માટેની સૂચના :**

આગળ દર્શાવેલ યાદીમાં શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનના એકાઉન્ટ નંબરનો બારકોડ સ્કેન કરી જમા કરવાનાં રહેશે અથવા દર્શાવેલ એક જ ખાતામાં જમા કરવાનાં રહેશે જમા કર્યા બાદ એનો આધાર જેમકે

રેફરન્સ નંબર, જમા સ્લિપ, સ્ક્રીનસોટ વિગેરે કાર્યક્રમ સમિતિને વ્હોટસએપ કરવાનો રહેશે પછી જ તે વ્યક્તિને કન્ફર્મ ગણવામાં આવશે.

કાર્યક્રમમાં ફેરફાર કરવાની છુટછાટ કાર્યક્રમ સમિતિ ને રહેશે.આખરી નિર્ણય સમિતિ નો રહેશે જેમાં કોઈ પણ વાદ-વિવાદ અસ્થાને રહેશે

☞ **કાર્યક્રમમાં નામ લખાવવા માટે ઉપરાંત બસ વ્યવસ્થા માટેની ટીમ**

◆ **મુંબઈ–સુરત–વડોદરા–અમદાવાદ તરફથી આવનાર માટે**

૦૧) રાજીવભાઈ પટેલ-મુંબઈ,
મો. ૯૭૧૪૩ ૨૭૭૭૧

◆ **રાજકોટ થી આવનાર માટેઃ**

૦૧) આશિષભાઈ પટેલ-રાજકોટ,
મો. ૯૪૨૮૨ ૦૧૭૮૨

૦૨) જિતેનભાઈ પટેલ-રાજકોટ,
મો. ૯૮૭૯૯ ૫૫૫૧૧

૦૩) ગૌતમભાઈ પટેલ-રાજકોટ,
મો. ૯૮૯૮૬ ૧૩૦૦૨

૦૪) ચિરાગ પટેલ-રાજકોટ,
મો. ૯૪૨૭૨ ૭૯૭૩૯

◆ **જામનગરથી આવનાર માટેઃ**

૦૧) દિલીપભાઈ પટેલ-જામનગર,
મો. ૯૪૦૮૧ ૬૧૧૯૯

૦૨) હિમાંશુભાઈ પટેલ-જામનગર,
મો. ૯૪૨૯૧ ૪૧૪૪૪

૦૩) રાકેશભાઈ પટેલ-જામનગર,
મો. ૯૦૧૬૬ ૪૯૪૭૨

◆ **મોરબી/વાંકાનેર થી આવનાર માટે :**

૦૧) અલ્પેશભાઈ પટેલ-વાંકાનેર,
મો. ૯૪૨૮૨ ૯૩૪૫૬

☞ **કાર્યક્રમમાં આવનાર કુટુંબીજનો માટે સુચનોઃ**

- સૌ કોઈ સમયસર તૈયાર રહેશો.
- પોત પોતાની જરૂરિયાત મુજબની વસ્તુઓ જેવી કે દવા-નાસ્તા-પાણી-ગરમ કપડાં સાથે રાખવા.
- બસમાં આપણા કુટુંબના ઉંમર લાયક વડીલોને આગળ બેસાડવામાં સહકાર આપશો એવી ખાસ વિનંતિ.
- કાર્યક્રમ દરમિયાન જમવામાં વહેલુ મોડું થાય, રૂમ બાબતે અવ્યવસ્થા થાય ઉપરાંત અન્ય કોઈ અગવળતા પડે તો આપણા કુટુંબીજનોને સાથ-સહકાર આપવા નમ્ર પ્રાર્થના.
- જે પ્રમાણે રૂમના ઉતારાની વ્યવસ્થા કરેલ હોય એ પ્રમાણે જ વ્યવસ્થા જાળવવા સહકાર આપશો.
- રૂમ લોક કરવા માટે તાળા ચાવી સાથે લાવવા વિનંતી.

☞ **ગુજરાત અને ગુજરાત બહારથી આવનાર દરેક કુટુંબીજનોને વિશેષ લાભ :**

શ્રી જૈન પટેલ ફાઉન્ડેશન ના ૨૫ માં વર્ષ... રજતજયંતી વર્ષ ઉજવણીના ભાગરૂપે શ્રી ગિરનારજી તિર્થ જાત્રા તા.૨૬-૧૨-૨૪ ગુરૂવાર થી તા.૨૯-૧૨-૨૪ રવિવાર ચાર દિવસીય કાર્યક્રમમાં ગુજરાત અને ગુજરાત બહારથી આવનાર દરેક કુટુંબીજનોને આવવા જવાનું રેલ્વે (ટ્રેન)નું સ્લીપર કોચનું ટીકીટ ભાડું ચુકવવામાં આવશે.

☞ **નોંધ લેશો :**

- ગુજરાત કે ગુજરાત બહારથી આપ કોઈપણ વાહન વ્યવસ્થામાં કે કોઈ પણ શ્રેણીમાં (૩/૨ ટાયર એ.સી. કે અન્ય) રાજકોટ અથવા જુનાગઢ પહોંચશો તો આપને માત્ર વધુમાં વધુ સ્લીપર કોચ જેટલું આવવા જવાનું જ ટીકીટ ભાડું અથવા અન્ય વાહન વ્યવસ્થામાં એથી ઓછી

થતી રકમ જ ચૂકવવામાં આવશે. **સુરત–વડોદરા–અમદાવાદ–ભાવનગર–સાવરકુંડલા વિગેરે થી આવનાર દરેક કુટુંબીજનો ને આ વિશેષ લાભ મળવાપાત્ર છે**

- **કાર્યક્રમ સંપન્ન થયા બાદ જ આપને વળતર ચુકવવામાં આવશે**
- તો હવે શું રાહ જુઓ છો આજે જ તમારા નામ નોંધાવશો.
- રૂા. ૨૧૦૦/-નો નકરો વ્યક્તિ દીઠ ઓનલાઈન કે બેંક માં ભરી રેફરન્સ નંબર સાથે આપના નામ- ઉંમર - સેન્ટર - મોબાઈલ નંબર ખાસ લખાવશો

## રજત જયંતિ વર્ષ

### પટેલ કુટુંબની દીકરીઓને આમંત્રણ બાબત

શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનના ૨૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે

**તા.૨૯-૧૨-૨૦૨૪, રવિવાર**ના મુળી મુકામે શ્રી માંડવરાયજીદાદાના સાનિધ્યમાં યોજાનાર **સુર્ય યજ્ઞ તથા વાર્ષિક સંમેલન**માં આપણા કુટુંબની બહેનો દીકરીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**☞ નોંધ લેશો :**

- આપણા કુટુંબની બહેનો દીકરીઓ ફક્ત **તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવાર**ના મુળી મુકામે શ્રી માંડવરાયજીદાદાના સાનિધ્ય માં યોજાનાર **સુર્ય યજ્ઞ તથા વાર્ષિક સંમેલન**માં જ આવી શકશે.
- ૪ દિવસીય શ્રી ગિરનારજી તીર્થ જાત્રા ની જવાબદારી ને કારણે મહામંડળ ફક્ત

**☞ તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવાર**

- સવારે ડોળિયા નવકારશી.
- બપોરે મુળી મહા પ્રસાદ.
- સાંજે મહા આરતી બાદ જમવાની જ જવાબદારી ઉપાડી શકશે.
- બહેનો દીકરીઓ માટે અગાઉ રાત્રી રોકાણ અને મુળી આવવા-જવાની તમામ વ્યવસ્થા જે તે કુટુંબીજનો એ પોત પોતાની રીતે **સ્વૈચ્છિક** કરવાની રહેશે.
- બહેનો દીકરીઓ ઉપરાંત સાથે આવનારની સંખ્યા જે તે કુટુંબના ભાઈઓએ ફરજિયાત અલગથી કમિટી ને નોંધાવાની રહેશે અને કેટલાં ટંક રોકાશે એ પણ જાણ કરવાની રહેશે.

**☞ બહેન દિકરી ની વ્યાખ્યા**

**☞ કોણ કોણ આવી શકે!!?**

- ઉદાહરણ તરીકે આપણા પ્રમુખશ્રી રાજીવભાઈના સગા
- ફેબા-ફુવા
- ફૈબાના દિકરા-પુત્રવધુ-સંતાનો આવી શકે
- ઉપરાંત રાજીવભાઈ ની
- બહેન-બનેવી એમના સંતાનો
- દિકરી-જમાઈ એમના સંતાનો આવી શકે
- ઉપરોક્ત વ્યાખ્યા માં બેસતાં લોકો જ આવી શકશે
- મુળી વ્યવસ્થાના ભાગરૂપે રૂા. ૧૦૦/- ટોકન ચાર્જ રાખવામાં આવ્યો છે જે મુળી હાજર રહેશે ત્યારે રિફંડ(પરત) આપવામાં આવશે અનિવાર્ય સંજોગોને બાદ કરતા ટોકન ચાર્જ પરત આપવામાં આવશે નહીં
- તેમના ટોકન સાથે નામ લખાવવાની છેલ્લી તા. ૧૦-૧૨-૨૦૨૪, મંગળવાર રહેશે ત્યારબાદ નામ લખવામાં નહિ આવે
- નામ લખાવવા અમારી સમિતિ નો સંપર્ક કરવો

## રજત જયંતિ વર્ષ

### વડીલ વંદના સમારોહ બાબત

શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનના ૨૫ માં વર્ષની ઉજવણીના ભાગ રૂપે

**તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવાર**ના મુળી મુકામે શ્રી માંડવરાયજીદાદા ના સાનિધ્ય માં યોજાનાર **સુર્ય યજ્ઞ તથા વાર્ષિક સંમેલન**માં આપણા કુટુંબ ના વડીલો (દાદા-દાદી) ને વડીલ વંદના સમારોહ પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**☞ નોંધ લેશો :**

- **૬૫ વર્ષ** કે તેથી ઉપરની ઉંમરના આપણા કુટુંબના વડીલો માટે **વડીલ વંદના સમારોહ** આયોજન કરવામાં આવ્યો છે.
- આપ સૌ વડીલો મુળી મુકામે આશિર્વચન આપવા પધારો એવી પ્રાર્થના છે...
- **મુળી હાજર રહી શકે કે અનિવાર્ય સંજોગોને કારણે ન આવનાર ભારત અને ભારત બહાર ફોરેન વસતા તમામ વડીલો ના નામ ઉંમર સાથે નોંધાવવા વિનંતી**
- **નામ નોંધાવવાની છેલ્લી તા. ૧૦–૧૨–૨૦૨૪, મંગળવાર**

• નામ લખાવવા આશિષ પટેલ, રાજકોટ, મો. ૯૪૨૮૨ ૦૧૭૮૨ નો સંપર્ક કરવો.

## રજત જયંતિ વર્ષ

### એક અલગ જ સન્માન

હા ખરૂં વાંચ્યું શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનના ૨૫ માં વર્ષની ઉજવણીના ભાગ રૂપે

**તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવાર**ના મુળી મુકામે શ્રી માંડવરાયજીદાદાના સાનિધ્યમાં યોજાનાર **સુર્યયજ્ઞ તથા વાર્ષિક સંમેલન**માં આપણા કુટુંબની **પુત્રવધુ** અને અપરણિત દિકરીઓ માટે એક અલગ જ સન્માન થવા જઈ રહ્યું છે માટે કુટુંબની પુત્રવધુ અને અપરણિત દિકરીઓને **લક્ષ્મી સન્માન સમારોહ**માં પધારવા ભાવભર્યું આમંત્રણ છે...

**☞ નોંધ લેશો :**

આપણા કુટુંબની પુત્રવધુ કે અપરિણીત દીકરીઓ જેમણે કોઈ **માસ્ટર ડિગ્રી** કે તેથી ઉપરની **સ્પેશિયલ ડીગ્રી** પ્રાપ્ત કરેલ હોય અથવા કોઈ **સ્પેશિયલ કોર્સ** કરેલ હોય (કોઈ પણ ક્ષેત્રમાં સ્પેશિયલીટી હોય) તેમનું મુળી મુકામે સન્માન કરવામાં આવશે

**મુળી હાજર રહી શકે કે એ લોકો ને જ નામ નોંધાવવા. નામ નોંધાવવાની છેલ્લી તા. ૧૦–૧૨–૨૦૨૪, મંગળવાર**

ઉપરોક્ત ક્રાઈટ એરિયામાં આવતા લોકોએ પોતાની **માસ્ટર કે તેથી ઉપરની ડિગ્રી કે સ્પેશ્યાલીટીનો આધાર** ફુલ સાઈજ અથવા PDF માં વ્હોટસએપ કરવાનો રહેશે.

નામ લખાવવા અને આધાર વ્હોટસએપ કરવા **જિતેન પટેલ-રાજકોટ,** મો. ૯૮૭૯૯ ૫૫૫૧૧ નો સંપર્ક કરવો.

કોઈપણ પ્રકારની જાણકારી કે ચોક્કસાઈ માટે અમારી સમિતિનો સંપર્ક કરવો. તો વહેલામાં વહેલા નામ નોંધાવી લેશોજી સાથ સહકાર આપશો.

કાર્યક્રમમાં ફેરફાર કરવાની છુટછાટ કાર્યક્રમ સમિતિ ને રહેશે. આખરી નિર્ણય સમિતિ નો રહેશે જેમાં કોઈ પણ વાદ-વિવાદ અસ્થાને રહેશે.

**☞ નમ્ર અપિલ**

આપસૌ જાણો છે કે સુર્યયજ્ઞમાં હર વર્ષે જે ખર્ચ આવે છે તે દાતાઓના સહયોગથી પુર્ણ થાય છે બાકી તુટની રકમ માટે ઉપરાંત શ્રી ગિરનારજી તીર્થ યાત્રામાં આવનાર તુટની રકમ માટે અમારી કમિટી આપ સૌ ભામાશાઓને નમ્ર અપીલ કરે છે અને નીચે જણાવેલ નકરાના લાભ લેવા અનુરોધ કરે છે.

### તા. ૨૭-૧૨-૨૪, શુક્રવાર

- સવારની નવકારશીનો નકરો રૂા. ૧૧૦૦૦/–
- બપોરના ભોજનનો નકરો રૂા. ૨૧૦૦૦/–
- સાંજના ભોજનનો નકરો રૂા. ૨૧૦૦૦/–

### તા. ૨૮-૧૨-૨૪, શનિવાર

- સવારની નવકારશીનો નકરો રૂા. ૧૧૦૦૦/–
- બપોરના ભોજનનો નકરો રૂા. ૨૧૦૦૦/–
- સાંજના ભોજનનો નકરો રૂા. ૨૧૦૦૦/–

### તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવાર

- સવારની નવકારશીનો નકરો રૂા. ૨૧૦૦૦/–
- બપોરના મુળી મહાપ્રસાદના મુખ્ય યજમાનનો નકરો રૂા. ૫૧૦૦૦/– (ફક્ત પાંચ યજમાન જ) અને
- સહ યજમાનનો નકરો રૂા. ૧૧૦૦૦/– રાખેલ છે
- સાંજના ભોજનનો નકરો રૂા. ૩૧૦૦૦/–
- એક બસનો નકરો રૂા. ૨૧૦૦૦/– રાખેલ છે અંદાજીત ૩ થી ૪ બસ થાશે
- શ્રી ગિરનારજી તિર્થ યાત્રાના મુખ્ય સંઘપતિનો નકરો રૂા. ૮૧૦૦૦/– રાખેલ છે
- સહ સંઘપતિનો નકરો રૂા. ૨૧૦૦૦/– રાખેલ છે.

### સૂર્ય યજ્ઞમાં બેસનાર માટે નો નકરો

- મુખ્ય યજમાન તરીકે બેસનાર માટે રૂા. ૮૧૦૦૦/–
- સાતક તરીકે સાથે બેસનારના રૂા. ૮૧૦૦/–

### શ્રી ગિરનારજી તિર્થ યાત્રા અને સુર્યયજ્ઞના નકરાનો લાભ લેવા માટે

- ચંદ્રકાંતભાઈ પટેલ - રાજકોટ, મો. ૯૪૨૬૯ ૧૮૬૧૯
- રાજીવભાઈ પટેલ - મુંબઈ, મો. ૯૭૧૪૩ ૨૭૭૭૧ નો સંપર્ક કરવો

– રાજીવ જયંતિલાલ પટેલ–મુંબઈ
પ્રમુખ–શ્રી જૈન પટેલ ફાઉન્ડેશન

## તંત્રી સ્થાનેથી

– અલ્પેશ પટેલ

પ્રણામ કુટુંબીજનો,

શ્રી જૈન પટેલ ફાઉન્ડેશનના આપણા **૨૫** માં વર્ષ **રજત જયંતી**ના વિવિધ કાર્યક્રમોમાં આપ સૌ હાજરી આપો એવી અમારી કમિટીની નમ્ર અપીલ છે.

- શ્રી ગિરનારજી ક્ષેત્રે બિરાજતા **અંબે માં** અને આપણા ૨૨ માં તીર્થંકર **નેમિનાથ દાદા**ની જાત્રા.....
- એક દિવસનો રિસોર્ટનો જલ્સો
- **ડોળિયાથી મુળી મીની પદયાત્રા**
- મુળી સુર્યયજ્ઞ અને વાર્ષિક સંમેલન
- વડીલ વંદના સમારોહ
- કુટુંબની બહેનો દીકરીઓને મુળી મુકામે નિમંત્રણ
- પુત્રવધુ અને અપરણિત દિકરીઓ માટે મુળી મુકામે **લક્ષ્મી સન્માન સમારોહ**

ઉપરાંત વિવિધ કાર્યક્રમોમાં આપ સૌ વહેલાસર આપનું નામ નોંધાવી લેશોજી

☞ **શ્રી જૈન પટેલ ફાઉન્ડેશન કમિટીની નમ્ર અપીલ :**

આપસૌ કુટુંબીજનો જાણો છો કે આપણા મહામંડળને જુદા જુદા ફંડમાં કુટુંબના ભામાશા દાતાશ્રીઓ દ્વારા અનુદાન આવતા હોય છે જેમાં મુખ્યત્વે

**મેડિકલ સહાય ફંડ**
**એજ્યુકેશન ફંડ**
**કૌટુંબિક સાધર્મિક કોર્પસ ફંડ**

માં સૌથી વધુ અનુદાન આવે છે જેની સામે ઉપરોક્ત ત્રણેય ફંડમાં સહાય માટે સૌથી વધુ અરજીઓ આવતી હોય છે હર વર્ષે આ ફંડના વ્યાજમાંથી નિયમો મુજબ સહાય ચુકવતા ચુકવતા વર્ષના અંતે આ ફંડમાં તુટ આવે છે જે ઉપયોગ ન કરેલ અન્ય ફંડના વ્યાજમાંથી સરભર કરવામાં આવે છે.

કુટુંબમાંથી ઘણા બધા લોકોની વધારે સહાયની અરજીઓ આવતી હોય છે પરંતુ નક્કી કરેલી રકમથી વધારે સહાય આપી નથી શકતા

કુટુંબમાં થોડા ઘણાં લોકોની ખૂબ જ આર્થિક સ્થિતિ નબળી છે માટે આપસૌ કુટુંબીજનોને **મેડિકલ સહાય ફંડ, એજ્યુકેશન ફંડ તથા કૌટુંબિક સાધર્મિક કોપર્સ ફંડ**માં વધુમાં વધુ અનુદાન આપવા વિનંતી કરીએ છીએ.

અનુદાન માટે બીજો શ્રેષ્ઠ વિકલ્પ છે **"અનુદાન સંકલ્પ પત્ર"** જેની વિગતો ફરીથી પ્રસિદ્ધ કરીએ છીએ જે સૌથી વધુ ખરા અર્થમાં સાર્થક છે માટે વધુમાં વધુ લોકો આ અનુદાન સંકલ્પ પત્ર અભિયાન માં જોડાય એવી નમ્ર અપીલ અમારી કમિટી કરે છે.

### સ્વૈચ્છિક અનુદાન માટે સંમતિ પત્ર

#### અનુદાન સંકલ્પ પત્ર

આપ લોકો મહામંડળને હર હંમેશ નાના મોટા પ્રસંગે યાદ કરીને નાનું મોટું અનુદાન આપો જ છો અને મોટી રકમ માં પણ અનુદાન આપો છો એના બેંક વ્યાજદર થી થતી આવક દ્વારા સહાય આપી શકીએ છીએ

પરંતુ ઘટતા જતા બેંક વ્યાજદરને લીધે વધારે દાન ભેગું કરવું પડે માટે કુટુંબની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ **અનુદાન સંકલ્પ પત્ર** વિકલ્પ વિચારીએ છીએ જેમાં આપની મહામુલી મુડી (કેપિટલ) આપની પાસે જ સલામત રહેશે જેમાંથી તમે અનેક ગણું ઉપાર્જન કરી શકશો અને એ ઉપાર્જનમાંથી આ સંમતિ પત્રમાં આપ વાર્ષિક ૫૦૦૦/- થી ઉપરની સહાય આપની સ્વૈચ્છિક ઈચ્છા અનુસાર તબીબી સહાય ફંડ/એજ્યુકેશન સહાય ફંડ/સાધર્મિક કુટુંબ સહાય/અન્ય કોઈ સહાય માં આપી શકો છો જેની મુદત પણ ૨ વર્ષ/૫ વર્ષ કે ૧૦ વર્ષ એવી રીતે નક્કી કરી શકો છો.

આ **અનુદાન સંકલ્પ પત્ર** સ્વૈચ્છિક છે આપની પરિસ્થિતિ મુજબ ફેરફાર પણ થઈ શકે છે એ મહામંડળને સ્વિકાર્ય છે સમય પ્રમાણે પરિસ્થિતિમાં પણ ફેરફાર આવી શકે છે કોઈ કારણસર એક વર્ષ ચુકાઈ જાય તો પછી પાછળથી પણ ચાલુ કરી શકાય છે જેમાં કશો વાંધો નથી.


આ વિકલ્પથી હર વર્ષે એક અંદાજીત રકમનું દાન મહામંડળને મળશે જેનો યોગ્ય ઉપયોગ કરી આપણા જ કુટુંબીજનોને યોગ્ય સ્થાને જરૂરી સહાય કરવામાં મદદરૂપ થશે એકવાર સૌ શાંતિથી વિચારી કુટુંબ માટે સકારાત્મક નિર્ણય લેજો આ વિકલ્પ આવનાર સમય માટે ખરા અર્થમાં સાર્થક બનીને રહેશે

# શ્રી માંડવરાયદાદાના સમૂહ જાપ - કોલકત્તા

કોલકત્તા તા. ૧૮/૦૮/૨૦૨૪ના રોજ ૧૦:૦૦ વાગ્યે એસ.વી. સોશ્યલ વાડીમાં શ્રી માંડવરાયદાદાના સમૂહ જાપ રાખેલ બધા કુટુંબીજનો સમયસર આવેલા. જાપ પૂર્ણ થયા બાદ રમત ગમત અને સ્વરૂચી ભોજનનું આયોજન કરવામાં આવેલ. આ જાપના લાભાર્થી સ્વ. ચંદુભાઈ પટેલ અને મંજુલાબેન પટેલ પરિવાર હસ્તક મીનાબેન ઠક્કર, ભાવનાબેન દોશી અને રૂપલબેન વોરા હતાં.










## સ્નેહ મિલન

તા. ૧૨/૦૫/૨૦૨૪, રવિવારના સવારના ૧૦ વાગ્યે એસ.વી. સોશીયલ વાડી, કોલકત્તા ખાતે શ્રીમાંડવરાયદાદાના જાપ રાખેલ. ૯૮ કુટુંબીજનોએ સમયસર પધારી જાપનો લાભ લીધો હતો. જાપ બાદ રમત ગમત અને સ્વરૂચી ભોજનનું આયોજન કરવામાં આવેલ. આ જાપના લાભાર્થી સ્વ. નવલચંદ ધનજીભાઈ પટેલ પરિવાર હ. ચંદ્રાબેન કુંડલિયા હતા.








# કરશું ? જીવન ઉજવાળશું કે...?

– મહેન્દ્રરાય પટેલ – જામનગર

જીવનમાં કેટલાય એવા પ્રસંગો બનતા હોય છે જેમાં વ્યકિતના વ્યકિતત્વની છાપ ઉભરી આવે છે. કેટલાય એવા બનાવો નજરે પડે છે જે વાંચી, સાંભળીને એમ થાય કે માનવતા હજૂ મરી પરવારી નથી. બસ જરૂર છે આપણે માનવતાના મૂલ્યો જાળવવાની. જીવનમાં ડગલે ને પગલે જીવન મૂલ્યો સમજાવતા દ્રુષ્ટાંતો જોવા અને વાંચવા મળે છે પણ આપણે તે દષ્ટાંતો તરફ ઉદાસીનતા જ કેળવીએ છીએ. તેમ છતાં અમુક દષ્ટાંતો આપણા દિલને સ્પર્શી જાય છે. અને લાંબા સમય સુધી એની અસર મન પર રહે છે. કેટલાક બનાવોમાં રમૂજ જોવા મળે છે તો કેટલાક બનાવોમાં આધ્યાત્મિકતાના દર્શન થાય છે.

એક ગામમાં એક સંત પાસે એક ભાઈ આધુનિક ઘડિયાળ લઈને ગયા અને કહયું કે આ ઘડિયાળ રૂપિયા ૨૫૦૦/- નું છે પણ મને માત્ર રૂા. ૪૦૦/- માં મળ્યુ. સંતે ઘડિયાળ જોયું અને કહયું ઘડિયાળ ખરેખર સુંદર છે પણ ઉપરનું ડાયલ જ આકર્ષક છે. અંદરનું મશીન નકલી, બનાવટી છે. કહેવાનો અર્થ એટલો જ કે આપણે આપણો બાહય દેખાવ ખૂબ જ સુંદર, આકર્ષક બનાવેલ છે. અને હજૂ પણ સુંદર બનાવવા બ્યૂટી પાર્લરમાં જઈએ છીએ. પણ આંતરિક જીવન બનાવટી છે જેમાં, ક્રોધ, મમતા નફરતની મેલ જામેલી છે, તે શુદ્ધ કરવાનો પ્રયત્ન નથી કરતા. એક કાવ્ય પંકિત છે સાફ કિયા પર, મનકી મૈલ ન ધોઈ. ઉજલે તન કો

એક શેઠ દરરોજ મંદિરે જાય અને ભગવાનના દર્શન કરી પૂજાની થાળીમાં પાવલી મૂકે, થોડા સમય બાદ સરકારે ચલણમાંથી પાવલીનો સિકકો રદ્દ કર્યો, પણ શેઠ તો રાબેતા મુજબ મંદિરમાં જાય, દર્શન કરે અને પાવલી મૂકે, એક બાળક શેઠની આ ક્રિયાનો મૂક સાક્ષી હતો. એક દિવસે બાળકે જીજ્ઞાસાવશ શેઠને પૂછ્કું - શેઠજી, સરકારે પાવલીનું ચલણ રદ કરેલ છે. હવે પાવલી નથી ચાલતી. શેઠે જવાબ આપ્યો ભગવાન દુર્જનને સજજન બનાવી શકે છે તો મારી ખોટી પાવલીને સાચી ના બનાવી શકે? બાળક શેઠની નીયત પારખી ગયો. એક કાવ્ય પંકિત છે -ઈસ રંગ બદલતી દુનિયા મેં, ઈસાન કી નીયત ઠીક નહી.

એક વ્યકિતએ શ્વાસની તકલીફની ફરિયાદ કરી. પોતાના ફેમિલી ડોકટરની દવા કરી પણ કંઈ ફેર ન પડયો. તેથી શહેરના નામાંકિત ડોકટરોની સલાહ લીધી પણ શ્વાસની તકલીફ દૂર ના થઈ. ડોકટરોની સલાહ મુજબ તે અમેરિકા પણ જઈ આવ્યો. ત્યાં પણ કંઈ ફેર ન પડતા તેને ધારણા બેસી ગઈ કે મૃત્યુ નજીક છે માટે મિત્રોની સલાહ લીધી, તેના મિત્રોએ સલાહ આપી કે કોઈ દવા કારગર નથી નિવડતી તો જીંદગીના છેલ્લા દિવસોમાં મોજ કરી લે, પૈસા તો પુષ્કળ છે જ. અંતે તે વ્યકિતએ નવો બંગલો બંધાવ્યો, નવી ગાડી લીધી, અને નવા કપડા સીવડાવવા દરજી પાસે ગયો. શર્ટનું માપ લેતા દરજીએ કહયું, તમારા કોલરનું માપ ૧૪ ઈંચના બદલે ૧૬ ઈંચનું થયું છે. જૂના શર્ટથી તમને શ્વાસની તકલીફ થતી હશે. વ્યકિત શું બોલે?

જીવનમાં ધન કમાવવું જરૂરી તો છે જ, સાથે સાથે ધનનો સદુપયોગ થાય તે જોવું પણ જરૂરી છે. એક ધનાઢય પરિવારના વડીલ માંદગીના બિછાને પટકાયા. ખૂબ જ દવા કરી પણ તબિયતમાં સુધારો ન થયો. અંતે

ડોકટરોએ કહયું દવા કારગર નિવડતી નથી તો ઈશ્વરને પ્રાર્થના કરો, સાચા હૃદયની પ્રાર્થના ઈશ્વર સાંભળે છે. કદાચ દવાના બદલે દૂવા કામ કરી જાય. તે ધની વ્યકિતએ પ્રાર્થના કરી પ્રભુ, તું મને જીવનના થોડા દિવસો વધુ આપ તો મેં સંગ્રહ કરેલું ધન નિસ્વાર્થ પણે ગરીબોના હિતમાં વાપરી શકું, ઈશ્વરે ખરા દિલથી કરેલી તે વ્યકિતની પ્રાર્થના સાંભળી. તે ધની વ્યકિતએ પોતાની તમામ મિલ્કત ગરીબો માટે હોસ્પીટલ, આવાસ, શાળા, રસ્તા કૂવો વિગેરેની સવલતો ઉભી કરવા એક ટ્રસ્ટની રચના કરી. ઇંસાનના હૃદય પરિવર્તનથી અદભુત ચમત્કાર સર્જાય છે.

આપણે બીજાની ભૂલ જોવાનું કયારે છોડશું? એક યુવાન બજારમાં ગયો. ત્યાં અમુક વસ્તુની ખરીદી કરી બસમાં ઘરે પાછો આવી રહયો હતો. બસમાં તેનો એક જૂનો મિત્ર મળ્યો. તેથી તેની સાથે વાત કરતા જણાવ્યું કે, ભલાઈનો જમાનો નથી રહયો, ગઈ કાલે હું બજારમાંથી ખરીદી કરી વધેલા પૈસા પાછા લઈ ઘરે જઈ રહયો હતો ત્યારે મને ખબર પડી કે દુકાનદારે આપેલા પૈસામાં પાંચ રૂપિયાનો એક સિકકો ખોટો છે. કોઈના પર વિશ્વાસ કરવા જેવો નથી અને પેલા દુકાનદારને અપશબ્દો કહયા. અંતે કંટાળીને તેના મિત્રએ પૂછકું તેં ખોટા સિકકાનું શું કર્યું? પેલા યુવાને કહયું જરા ધીરે બોલ મેં તે સિકકો આજે બસ કંડકટરને આપી દીધો.

વિચારી જૂઓ ખરેખર વડીલ કોણ ? એક બાળકને શાળામાંથી પ્રેરણા મળી કે દરેક બાળકે રોજ એક સુકૃત્ય કરવું અને એની નોંધ રાખવી. તે બાળકે ઘરે જઈ ઘરના તમામને આ વાતની જાણ કરી, ઘરના વડીલે સલાહ આપી કે ઘરના જૂના બૂટ, મોજા,કપડા ગરીબને આપવા. બાળકે પૂછ્યું આપણે ફાટેલ, તુટેલ કે વપરાયેલ ઘસાયેલ વસ્તુઓ ગરીબોને આપીએ તે સુકૃત્ય કહેવાય.

ક્રોધનો જવાબ શાંત રહેવામાં છે. એક સંત કેટલાક શિષ્યો સાથે વિહાર કરી રહયા હતા. રસ્તામાં એક ગામડામાં એક અજ્ઞાનીએ સંતને ખૂબ અપશબ્દો કહયા, પણ સંત શાંત રહયા. તેથી શિષ્યો ક્રોધે ભરાયા અને સંતને પૂછ્યું. તમે અજ્ઞાનીને જવાબ કેમ ન આપ્યો અને કેમ શાંત રહયા? સંતે ફરી શાંતિ જાળવી. થોડીવાર પછી સંત અને શિષ્યો એક ભકતના ઘરે પહોંચ્યા. ભકતે તમામનું મિઠાઈ અને પાણીથી સ્વાગત કર્યું. સાધુએ ફકત પાણી લીધું અને મિઠાઈ ના લીધી. તેથી શિષ્યોએ પ્રશ્ન કર્યો કે આપે મિઠાઈ કેમ ના - લીધી? તેથી સંતે સામો પ્રશ્ન કર્યો કે મેં મિઠાઈ ના લીધી તો મિઠાઈ કોની કહેવાય? તે શિષ્યોએ જવાબ આપ્યો કે મિઠાઈ ભકતની જ કહેવાય. હવે સંતે પહેલા પ્રશ્નનો જવાબ આપ્યો કે અજ્ઞાની સામે હું શાંત રહયો અને એના અપશબ્દો મેં સ્વીકારેલ નહીં. તેથી અપશબ્દો મારા તો ના થયાને?

અને અંતે કંજૂસ થવું પડે તો પણ આ હદે તો ના જ થતા. એક વાર એક શેઠનો દિકરો ૧૦ પૈસાનો સિકકો ગળી ગયો. જયારે શેઠાણીને ખબર પડી, તેણે રાડારાડ કરી મૂકી - કોઈ જલ્દી ડોકટરને બોલાવો, દિકરાના ગળામાં ૧૦ પૈસાનો સિકકો અટવાઈ ગયો છે. શેઠને પણ પેઢી પર ખબર મોકલાવ્યા અને ડોકટરને બોલાવવા કહયું. પણ શેઠજી તો ભારે કંજૂસ, તે બોલ્યા હું કંઈ એવો મૂરખ નથી કે ૧૦ પૈસાના સિકકા માટે ડોકટરની બસો રૂપિયાની ફીનો ખરચ કરૂ. આમેય અત્યારે ૧૦ પૈસાનું આવે છે પણ શું?

જય જીનેન્દ્ર

# તપશ્ચર્યા



**પ્રિયા**
**પરેશભાઈ પટેલ**
**અમદાવાદ**
માસક્ષમણ (૩૦ ઉપવાસ)



**લબ્ધિ**
**પ્રકાશભાઈ પટેલ**
**મુંબઈ**
માસક્ષમણ (૩૦ ઉપવાસ)



**કરિશ્મા**
**રૂપેશભાઈ પટેલ**
**રાયપુર**
સિદ્ધિતપ



**વત્સલ**
**રૂપેશભાઈ પટેલ**
**રાયપુર**
સિદ્ધિતપ



**પાર્થ**
**ગૌતમ પટેલ**
**રાજકોટ**
૧૦ ઉપવાસ




**રંજનબેન**
**સુમિતભાઈ પટેલ**
**સુરત**
૮ ઉપવાસ



**આશાબેન**
**બિપીનભાઈ પટેલ**
**રાજકોટ**
૮ ઉપવાસ



**ખુશીબેન**
**જીગરભાઈ પટેલ**
**મુંબઈ**
૮ ઉપવાસ




**કાવ્યાન**
**કૌશલભાઈ પટેલ**
**રાજકોટ**
ક્ષીર સમુદ્ર તપ




**ભાવનાબેન**
**પ્રફુલભાઈ પટેલ**
**જામનગર**
૮ ઉપવાસ



**રાજીવભાઈ જયંતીલાલ**
**પટેલ, મુંબઈ**
૮ ઉપવાસ
(૩૬મી અઠ્ઠાઈ)



**સ્વ. હસમુખરાય ઠાકરશી પટેલ**
**જામનગર**
અવસાન : ૧૦-૦૯-૨૦૨૪




**સ્વ. જયંતિલાલ સાકરચંદ પટેલ**
**મુંબઈ**
અવસાન : ૧૪-૦૫-૨૦૨૪




**સ્વ. લીનાબેન ભાવીનભાઈ પટેલ**
**કલકત્તા**
અવસાન : ૧૩-૦૫-૨૦૨૪



**સ્વ. યોગેશભાઈ અમૃતલાલ પટેલ**
**સુરત**
અવસાન : ૧૫-૦૫-૨૦૨૪



**સ્વ. ગુણવંતભાઈ માવજીભાઈ પટેલ**
**રાજકોટ**
અવસાન : ૧૨-૦૬-૨૦૨૪



**સ્વ. નરેન્દ્રભાઈ જયંતીલાલ પટેલ**
**જામનગર**
અવસાન : ૧૬-૦૧-૨૦૨૪

# SHRI JAIN PATEL FOUNDATION - DONATION LIST

**From Date 01/04/2024 To 08/11/2024**

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 05/04/2024 | Bhavan | Dholakiya Chimanbhai Prabhudas | Rajkot | | 12000.00 |
| 19/04/2024 | Bhavan | Shah Hirenbhai Dineshbhai | Rajkot | | 12000.00 |
| 25/04/2024 | Medical | Late. Rameshchandra Ramniklal Patel | Rajkot | as Per The Grant Commitment Letter of Shri Jain Patel Foundation, We Have Decided To Donate To The Patel Family For Medical Assistance Fund For The Next 10 Years With The Inspiration Of Today's Mandwaraidada. On The Death Anniversary Of Late. Rameshchandra Ramniklal Patel On 25th April Every Year by From Ranjanben Rameshchandra Patel Family-Rajkot | 11000.00 |
| 25/04/2024 | Medical | Late. Balvantrai Premchand Patel | Wankaner | As Per Grant Commitment Letter of Shri Jain Patel Foundation, We Have Committed & Has Decided To Donate. Every Year On April 25. Medical Assistance Fund For The Next 5 Years On The Occasion Of The Death Anniversary of 16th April Late Balwantrai Premchand Patel On And On The Occasion of Late. Urvashi Alpesh Patel's Death Anniversary On 25th April Every Year. By From Pragnaben Balvantrai Patel - Wankaner. | 11000.00 |
| 29/04/2024 | Parchay | Harshadrai Manharlal Patel | Baroda | Parichay Half Page - By Meghendrarai Manharlal Patel-Jamnagar | 3000.00 |
| 29/04/2024 | Education | Harshadrai Manharlal Patel | Baroda | Kanchanben Harshadrai Patel And Harshadrai Manharlal Patel & Family - Baroda. By From Meghendrarai Manharlal Patel - Jamnagar. | 50000.00 |
| 29/04/2024 | Medical | Harshadrai Manharlal Patel | Baroda | Kanchanben Harshadrai Patel And Harshadrai Manharlal Patel & Family - Baroda. By From Meghendrarai Manharlal Patel - Jamnagar. | 50000.00 |
| 06/05/2024 | Bhavan | Shah Dinesh Chhaganlal | Rajkot | | 3000.00 |
| 11/05/2024 | Bhavan | Parekh Ankitbhai Anilbhai | Surat | | 9000.00 |
| 15/05/2024 | Bhavan | Shah Naimesh Dhirajlal | Rajkot | Room booking for Satsang | 6000.00 |
| 25/05/2024 | Donation | Parinbhai Patel | Rajkot | | 1000.00 |
| 29/05/2024 | Bhavan | Shah Kantilal Himatlal | Una | From - Narendrabhai Patel | 6000.00 |

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 02/06/2024 | Education | Late. Damyantiben Bhupatbhai Patel | Jamnagar | From. Rajeshbhai Patel - Paddhari - At Jamnagar | 1000.00 |
| 02/06/2024 | Medical | Late. Damyantiben Bhupatbhai Patel | Jamnagar | From. Rajeshbhai Patel - Paddhari - At Jamnagar | 1000.00 |
| 05/06/2024 | Bhavan | Shah Naimesh Dhirajlal | Rajkot | Room Booking for Satsang | 6000.00 |
| 07/06/2024 | Bhavan | Rushabh Arunkumar | Baroda | | 6000.00 |
| 07/06/2024 | Bhavan | Shah Sureshkumar S. | Una | Room Rent | 9000.00 |
| 09/06/2024 | Bhavan | Paresh Bharatbhai Dhirajlal | Rajkot | | 7000.00 |
| 26/06/2024 | Bhavan | Patel Alpeshbhai | Wankaner | | 500.00 |
| 29/06/2024 | Bhavan | Jain Kamleshbhai Sheshmal | Mumbai | | 1000.00 |
| 04/07/2024 | Education | Late. Gunvantbhai Mavjibhai Patel | | By From Prafulaben Gunvantbhai Patel & Family. | 11000.00 |
| 04/07/2024 | Medical | Late. Gunvantbhai Mavjibhai Patel | | By Prafulaben Gunvantbhai Patel & Family. | 11000.00 |
| 12/07/2024 | Bhavan | Patel Naman Lavbhai | Satna (MP) | | 1000.00 |
| 16/07/2024 | Bhavan | Patel Naman Lavbhai | Satna (MP) | | 1500.00 |
| 29/07/2024 | Bhavan | Akcros Tradelink Pvt Ltd | Rajkot | | 3000.00 |
| 30/07/2024 | Donation | Yashasvee Mitesh Patel | Wankaner | Yashasvee Mitesh Patel Has Joined Bank Of America-mumbai (finance) She Has Donated to Shri Jain Patel Foundation From Her First Salary. | 2100.00 |
| 04/08/2024 | Donation | Niraj Patel | | Ambey Maa Na Hindola Manorath Nimite Saprem Bhet | 1111.00 |
| 06/08/2024 | Donation | Manilal Mulji Patel & Dhangauri Manilal Patel | Mumbai | On The Death Anniversary Of Manilal Mulji Patel And Dhangauri Manilal Patel | 5001.00 |
| 07/08/2024 | Donation | Dilipbhai Harshukhrai Patel | Jamnagar | On The Occasion of The Birthday of Dilipbhai, An Enthusiastic Committee Member of Our Mahamandal | 1000.00 |
| 08/08/2024 | Donation | Chhotalal Jechandbhai Patel | Canada | | 2000.00 |
| 22/08/2024 | Donation | Narendrabhai Narotamdas Patel | Vanda (Mumbai) | For The Penance Of Narendrabhai . Narotamdas Patel Maskhaman. By Charulataben Narendrabhai Patel | 2100.00 |
| 03/09/2024 | Donation | Alpeshbhai Patel | | | 3000.00 |
| 03/09/2024 | Donation | Rajivbhai Patel | | | 3000.00 |
| 03/09/2024 | Donation | Gautambhai Patel | | | 3000.00 |
| 15/09/2024 | Bhavan | Hareshbhai D. Mazny | Mumbai | | 3000.00 |
| 16/09/2024 | Donation | Dhruvil Gandhi | | Son of Rina Manharbhai Patel, Daughter of Shri Manharbhai Nandalal Patel. Gift To The Congregation On The Occasion Of Dhruvil Gandhi's (8 Years) Athai Tapa | 1100.00 |
| 21/09/2024 | Donation | Kishorbhai Jashwantrai Patel | Indore | Kishorbhai Jashwantrai Patel (Indore) - On The Occasion Of Birthday. | 500.00 |

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 22/09/2024 | Bhavan | Doshi Vijaybhai | Mumbai | | 3000.00 |
| 22/09/2024 | Donation | Priya Pareshbhai Shah | | For The Penance Of Priya Pareshbhai Shah Daughter of Pareshbhai Jamnadas Patel, Son Of Jamnadas Somchandbhai Patel, On The Occasion Of Penance (30 Fasts). | 500.00 |
| 23/09/2024 | Bhavan | Shah Mohitbhai Jitendrabhai | Rajkot | | 2000.00 |
| 23/09/2024 | Bhavan | Shah Jitubhai Dhirubhai | Rajkot | | 4000.00 |
| 28/09/2024 | Donation | Kanchanben Pravinchandra Patel | Raipur | Matushree Kanchanben Pravinchandra Patel Family By Rupesh Pravinchandra Patel, Raipur. | 3000.00 |
| 30/09/2024 | Bhavan | Patel Jaybhai S. | Rajkot | | 3000.00 |
| 30/09/2024 | Parchay | Late. Harsukhray Thakarshibhai Patel | Jamnagar | Late Harsukhray Thakarshibhai Patel Parichay Last Page. By Manjulaben Harsukhray Patel Family- Jamnagar. | 5000.00 |
| 01/10/2024 | Education | Harshadray Manharlal Patel | Baroda | By Falguniben Chetankumar Doshi (daughter), Jyotindra Harshdarai Patel (son), Mitul Harshdarai Patel (son). Sender Meghendrarai Manharlal Patel Jamnagar | 1,00,000 |
| 01/10/2024 | Medical | Harshadray Manharlal Patel | Baroda | By Falguniben Chetankumar Doshi (daughter), Jyotindra Harshdarai Patel (son), Mitul Harshdarai Patel (son). Sender Meghendrarai Manharlal Patel Jamnagar | 1,00,000 |
| 03/10/2024 | Parichay | Harshadrai Manharlal Patel | | Parichay Half Page | 3000.00 |
| 03/10/2024 | Jatra | Hinaben Ashokbhai Patel | Rajkot | Girnarji Tirth Jatra | 2100.00 |
| 06/10/2024 | Jatra | Priyaben Jineshkumar Patel | Jamnagar | Girnarji Tirth Jatra | 2100.00 |
| 09/10/2024 | Parchay | Mitul Harshadray Patel | | Parichay Half Page | 3000.00 |
| 09/10/2024 | Jatra | Milan Prabhulal Patel | Surat | Girnarji Tirth Jatra | 2000.00 |
| 09/10/2024 | Jatra | Pallavi Milankumar Patel | Surat | Girnarji Tirth Jatra | 2200.00 |
| 09/10/2024 | Medical | Arvindkumar Ratilal Patel | Wankaner | As Per Grant Commitment Letter of Shree Jain Patel Foundation, We Have Decided To Donate Rs 11000/- To Shree Jain Patel Foundation Medical Assistance Fund For The Next 5 Years On The Occasion Of Arvindkumar Ratilal Patel's Birthday On 8th October Every Year. By Samir Arvindkumar Patel - Wankaner | 11000.00 |
| 13/10/2024 | Donation | Pravinchandra Vallabhdas Patel | | Maa Jagdambe Ni Navratri 30 mi Navchandi Puja Nimite. | 2121.00 |
| 14/10/2024 | Jatra | Rajesh Tarachand Patel | Mumbai | Girnarji Tirth Jatra | 2100.00 |

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 14/10/2024 | Jatra | Damyanti Rajesh Patel | Mumbai | Girnarji Tirth Jatra | 2100.00 |
| 17/10/2024 | Parichay | Neelaben Navinchandra Patel | Rajkot | Matushri Nilaben Navinchandra Patel - Rajkot for The Penance of Her Grandson Parth Patel (maitri Gautam Patel) Who Performed 10 Fasts To Be Published In The Half Page Of The Introduction. | 3000.00 |
| 17/10/2024 | Jatra | Vanechand Popatlal Patel | | Girnarji Tirth Jatra | 2100.00 |
| 17/10/2024 | Jatra | Ansuyaben Vanechand Patel | | Girnarji Tirth Jatra | 2100.00 |
| 19/10/2024 | Parchay | Dilipkumar Manilal Patel | | Parichay - Half Page. | 3000.00 |
| 22/10/2024 | Donation | Rajeshbhai Sharadbhai Patel | Jamnagar | Anvi Rajeshbhai Patel Age 3 Years Aaimbel Awarding -500/-, On 26/10/2024 Naitri Rajeshbhai Patel's Birthday Gift 500 Rupees To Shri Patel Foundation. By Ushaben Sharadbhai Patel. | 1000.00 |
| 22/10/2024 | Donation | Markandray Lalchand Patel | | On 23/10/2024 Markandray Lalchand Patel's Birthday Gift 2001 Rupees To Shri Patel Foundation. | 2001.00 |
| 22/10/2024 | Donation | Rajeevbhai Jayantilal Patel | Mumbai | On The Occasion Of The 36th Penance of Our Shri Rajivbhai Jayantilal Patel, President of Our Shri Jain Patel Foundation | 1100.00 |
| 23/10/2024 | Donation | Dimpal Jigar Patel | Mumbai | Gift for Dimple Jigar Patel's 8 Fasts (eighth) Penance, By grand parents Anusyaben Vanechandbhai Patel | 1100.00 |
| 04/11/2024 | Jatra | Suresh H. Patel | Surat | Girnarji Tirth Jatra | 2100.00 |
| 04/11/2024 | Jatra | Malti S. Patel | Surat | Girnarji Tirth Jatra | 2100.00 |
| 06/11/2024 | Education | Meghendrarai Patel | Jamnagar | As Per Shree Jain Patel Foundation's | |
| | | | | Grant Commitment Letter For 2 Years I Resolve To Give Rs. 5000/- In Memory of My Father Manharlal And Mother Chaturaben. | 5000.00 |
| 07/11/2024 | Donation | Nirajbhai Patel | Jamsedpur | Shri Mandavrai Ji Dada Na Nived Nimite Jain Patel Foundation Ne Saprem Bhent Shubh Khate Jay Ambe Maa. | 1111.00 |
| 07/11/2024 | Jatra | Prabhulal H. Patel | Surat | Girnarji Tirth Jatra | 2100.00 |
| 08/11/2024 | Jatra | Himanshu Patel | Jamnagar | Girnarji Tirth Jatra | 2100.00 |
| 08/11/2024 | Jatra | Alpa Patel | Jamnagar | Girnarji Tirth Jatra | 2100.00 |
| 08/11/2024 | Jatra | Manan Patel | Jamnagar | Girnarji Tirth Jatra | 2100.00 |

# SHRI JAIN PATEL FOUNDATION - DONATION LIST

**From Date 01/04/2024 To 16/10/2024**

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 04/04/2024 | Bhavan | Goliya Anil Aanandji | Jodhpur | | 1000.00 |
| 07/04/2024 | Bhavan | Shah Lalitbhai Popatlal | Mumbai | | 1000.00 |
| 07/04/2024 | Medical | Parth Gautambhai Patel | Rajkot | As per grant commitment letter of Shree Jain Patel Foundation, we have decided to donate Rs 11000/- to Shree Jain Patel Foundation for medical assistance fund for the next 10 years on the occasion of Partha Gautambahi Patel's birthday on 28th December every year. with the inspiration of today's Mandwarada. By Maitri Gautambhai Patel-Rajkot | 11000.00 |
| \15/04/2024 | Bhavan | Prahlad Plot Murtipujak Jain Sangh | Rajkot | | 1500.00 |
| 16/04/2024 | Bhavan | Prahlad Plot Murtipujak Jain Sangh | Rajkot | | 1500.00 |
| 17/04/2024 | Bhavan | Sheth Pradipbhai Chunibhai | Mumbai | | 2000.00 |
| 25/04/2024 | Bhavan | Satishbhai Prabhulal Patel | Rajkot | | 3000.00 |
| 25/04/2024 | Bhavan | Madhuriben S. Patel | Rajkot | | 3000.00 |
| 25/04/2024 | Bhavan | Jaybhai S. Patel | Rajkot | | 3000.00 |
| 25/04/2024 | Bhavan | Amiben Jay Patel | Rajkot | | 3000.00 |
| 25/04/2024 | Bhavan | Angi Jay Patel | Rajkot | | 3000.00 |
| 25/04/2024 | Bhavan | Shaurya Jay Patel | Rajkot | | 3000.00 |
| 01/05/2024 | Bhavan | Doshi Amit Dhansukhrai | Rajkot | | 1500.00 |
| 01/05/2024 | Bhavan | Doshi Dhavalbhai | Rajkot | | 1500.00 |
| 20/05/2024 | Bhavan | Alpeshbhai Patel | Wankaner | | 1000.00 |
| 29/05/2024 | Donation | Chandrakant Hiralal Patel | Rajkot | On the occasion of the birth Day of | 1100.00 |
| | | | | Chandrakantbhai Patel Dt. 29/05/2024. | |
| 06/06/2024 | Bhavan | Jain Neel Pramodbhai | Ahmedabad | | 1000.00 |
| 08/07/2024 | Donation | Vanshit Patel | Rajkot | On the occasion of Vanshit Gautambhai | 4200.00 |
| | | | | Patel's birthday as on 17-05-2024. | |
| 08/07/2024 | Donation | Maitri Patel | Rajkot | On the occasion of Vanshit Gautambhai | 4200.00 |
| | | | | Patel's birthday as on 17-05-2024. | |
| 08/07/2024 | Donation | Nilaben Patel | Rajkot | On the occasion of Vanshit Gautambhai | 4200.00 |
| | | | | Patel's birthday as on 17-05-2024. | |
| 08/07/2024 | Donation | Parth Patel | Rajkot | On the occasion of Vanshit Gautambhai | 4200.00 |
| | | | | Patel's birthday as on 17-05-2024. | |
| | | | | | |

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 08/07/2024 | Donation | Gautambhai Patel | Rajkot | On the occasion of Vanshit Gautambhai Patel's birthday as on 17-05-2024. | 4200.00 |
| 17/07/2024 | Bhavan | Ajramar Stha. Jain Sangh | Rajkot | | 2000.00 |
| 17/07/2024 | Bhavan | Shah Amar Bharatbhai | Rajkot | | 2000.00 |
| 18/07/2024 | Bhavan | Shah Amar Bharatbhai | Rajkot | | 2000.00 |
| 19/07/2024 | Bhavan | Shah Amar Bharatbhai | Rajkot | | 2000.00 |
| 29/07/2024 | Bhavan | Ajramar Stha. Jain Sangh | Rajkot | | 2000.00 |
| 02/08/2024 | Bhavan | Ajramar Sha. Jain Sangh | Rajkot | | 1000.00 |
| 05/08/2024 | Medical | Late. Rameshchandra Ramniklal Patel | Rajkot | On the occasion of Late Rameshchandra Ramniklal Patel's birthday By Ranjanben Rameshchandra Patel family-Rajkot | 1008.00 |
| 14/08/2024 | Parichay | Jalpaben Niravbhai Sanghvi | Paddhari | For the penance of Jalpaben Niravbhai Sanghvi's Maskhaman. By Bipinbhai Shivlalbhai Patel - Paddhari. | 1000.00 |
| 15/08/2024 | Medical | Late Champaben Saubhagyachand Jechand Patel | Sarapdad | on the occasion of today 25th death anniversary of Champaben Saubhagyachand Jechand Patel By Chandrakant J. Patel - Rajkot. | 1500.00 |
| 15/08/2024 | Education | Late Champaben Saubhagyachand Jechand Patel | Sarapdad | on the occasion of today 25th death anniversary of Champaben Saubhagyachand Jechand Patel By Chandrakant J. Patel - Rajkot. | 1000.00 |
| 22/08/2024 | Donation | Dalichandbhai Dipchandbhai Patel | Paddhari | on the occasion of 3rd death anniversary of Dalichandbhai Dipchandbhai Patel (Paddhaari). By Praful Dalichand Patel, Mukesh Dalichand Patel | 5000.00 |
| 30/08/2024 | Donation | Patel Kalidas Pasvir Parivar | Paddhari | | 1111.00 |
| 03/09/2024 | Muli Chandi | Ranjanben Rameshchandra Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Ketan Rameshchandra Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Aashish Rameshchandra Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Sangita Ketan Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Amisha Aashish Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Aayush Aashish Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Jeel Ketan Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 03/09/2024 | Muli Chandi | Mitsu Ketan Patel | Rajkot | To Shree Mandavraidada Chandi Thal. | 375.00 |
| 16/09/2024 | Donation | Ajramar Shta. Jain Sangh | Rajkot | | 1000.00 |
| 21/09/2024 | Muli Chandi | Rishma Kaushalbhai Patel | Rajkot | | 3000.00 |

| Date | Fund Name | Name | City | Narration | Amount |
|---|---|---|---|---|---|
| 25/09/2024 | Bhavan | Ajramar Stha. Jain Sangh | Rajkot | | 2000.00 |
| 26/09/2024 | Bhavan | Ajramar Stha. Jain Sangh | Rajkot | | 2000.00 |
| 27/09/2024 | Bhavan | Ajramar Stha. Jain Sangh | Rajkot | | 2000.00 |
| 01/10/2024 | Donation | Brijesh Patel | Rajkot | | 1120.00 |
| 16/10/2024 | Donation | Prafulbhai Dalichand Patel | Jamnagar | Prafulbhai Dalichand Patel's Wife 8 Upvas Nimite. | 1000.00 |

## કુટુંબ ગૌરવ


**જય જિનેન્દ્ર, જય માંડવરાયજી, જય અંબે,**



અમને જણાવતા આનંદ થાય છે કે અમારા સુપુત્ર **ચિ. દર્શિલ** તા. ૧૪-૦૫-૨૦૨૪ ના રોજ ટેક્સાસ ડલાસ (અમેરિકા) મુકામે રિચાર્ડ્સન યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાંથી **M.S (Computer Engineering) A++** સાથે ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરેલ છે. દર્શિલની આ સફળતા પાછળ પુજ્ય માંડવરાયદાદાના તથા વડીલોના આશિર્વાદ રહ્યા છે.

ચિ. દર્શિલને દાદા શ્રી હર્ષદરાય મનહરલાલ પટેલે ટેક્સાસ ડલાસમાં ગ્રેજ્યુએટ સેરેમનીમાં હાજર રહી આશિર્વાદ પાઠવેલ છે.

**જય જિનેન્દ્ર, જય માંડવરાયજી, જય અંબે,**



એજ રીતે અમારા નાના સુપુત્ર **ચિ. સાહિલ** એ પણ **B.Tech with computer Engineering** મા **distinction** સાથે પાસ કરેલ છે.

ચિ. દર્શિલ અને ચિ. સાહિલ સફળતાના શિખરો સર કરે તેવી પૂ. માંડવરાયદાદા પાસે પ્રાર્થના...

**મિતુલ હર્ષદરાય પટેલ તથા શિલ્પા મિતુલ પટેલ, વડોદરા**

## કુટુંબ ગૌરવ



**જય જિનેન્દ્ર, જય માંડવરાયજી, જય અંબે,**

રાજકોટ નિવાસી શ્રી છોટાલાલ નારણજી પટેલના પૌત્ર **શ્રી બ્રિજેશ અશ્વિનભાઈ પટેલે** શિક્ષણશાસ્ત્રમાં **"A perception of undergraduate students towards computer education in colleges"** વિષયમાં મહાશોધ નિબંધ રજૂ કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી પીએચ.ડી. (ડૉક્ટર ઓફ ફિલોસોફી)ની ડીગ્રી એનાયત કરવામાં આવેલ છે.

ચિ. બ્રિજેશ સફળતાના શિખરો સર કરે તેવી પૂ. માંડવરાયદાદા પાસે પ્રાર્થના...

# સ્તવન

રચયિતા–પ્રજ્ઞાબેન બળવંતરાય પટેલ–વાંકાનેર (ભીખુ)

**રાગ : રાધા બિના હૈ કિસન અકેલા**

**ગીત :**

જૈન શાસનના તારણ હાર
પ્રભુ મહાવીર... (૨)
આવવ્યા અમારા સુકાની થઇને
પ્રભુ મહાવીર... (૨)

**અંતરા-૧ :** માતાના ઉદરમાં આવ્યા
ચૌદ સ્વપ્ન લાવ્યા
જન્મતાની સાથે પ્રભુએ
મેરૂને કમાવ્યા (૨)
દેવો ઉજપે જન્મ જયંતિ
પ્રભુ મહાવીરની (૨) જૈન

**અંતરા-૨ :** માતા-પિતાની આજ્ઞાથી
સંસારમાં રહ્યા (૨)
ભાઇની આજ્ઞા મળતા
સંયમ પંથે ચાલ્યા (૨)
પત્ની પુત્રીને છોડીને ચાલ્યા
પ્રભુ મહાવીર... (૨) જૈન

**અંતરા-૩ :** સંયમી જીવનમાં
ઉપસર્ગ કઇ આવ્યા (૨)
સમતાભાવે પ્રભુએ
અહિંસાથી નિવાર્ય (૨)
ભવ્યજીવોના ઉદ્ધારનારા
પ્રભુ મહાવીર... (૨) જૈન

**અંતરા-૪ :** ચંદનબાળાના હાથેથી
બાકુળા ઓર્યા (૨)
તેર બોલના અભિગ્રહના
પ્રભુએ પારણા કર્યા (૨)
બેડીના બંધન પ્રભુએ તોડયા
પ્રભુ મહાવીર... (૨) જૈન

**અંતરા-૫ :** દિવાળીની રાત્રે મહાવીર
મોક્ષગામી બન્યા (૨)
શિષ્ય ગૈતમ સ્વામી ત્યારે
કેવળજ્ઞાની બન્યા (૨)
પાવાપુરીને પાવન કર્યું
'ભિક્ખૂ'ના તમે છો તારણહાર.. જૈન

---

**રાગ : મેરા જીવન કોરા કાગઝ**

**ગીત :**

જીવન એવું જીવજો
તમને સૌ યાદ કરે દિનરાત
જગ રડે તું હસે
એવી પામજે પ્રિત... જીવન

**અંતરા-૧ :** આ જીવનરૂપી બાગના પુષ્પો
ખીલીને કરમાય (૨)
ગુલાબ જેવા ફૂલની સુગંધ,
ચોમેર ફેલાય (૨)
સુવાસ એવી તમે ફેલાવે
કોઇથીના વિસમય... જીવન

**અંતરા-૨ :** આ જગમાં કેટલા આવ્યા
આવીને ચાલ્યા જાય (૨)
ના કોઇએ એની નોંધ લીધી
ના કરે કોઇ યાદ (૨)
કામ તમે એવા કરજો
કોઇથી ન ભૂલાય... જીવન

**અંતરા-૩ :** આ જગતની જૂઠી માયા
જૂઠો છે સંસાર (૨)
એકલા અવ્યા એકલા જાવું
સાથી ના સંગાથ (૨)
અંત સમયે આવશે 'ભિક્ખૂ'
ધર્મ નારી સંગાથ... જીવન

# આપણા કુળદેવીશ્રી અંબે માતાજી





## હવે આપ Q.R. Code કરીને પણ પેમેન્ટ કરી શકો છો

BHIM | UPI

BHARAT INTERFACE FOR MONEY | UNIFIED PAYMENTS INTERFACE

**Accepted here**

Merchant Name: SHREE JAIN PATEL FOUNDATI...

UPI Handle (VPA) PATELF001.09@cmsidfc

**Scan and pay with any BHIM UPI app:**

Paytm · Google Pay · PhonePe · BHIM IDFC UPI App

and over 100 other Bhim UPI apps

The logos above are property of respective trademarks owners.
All above apps support BHIM UPI

## Net Banking થી પેમેન્ટ ટ્રાન્સફર કરવા માટે Bank Details

**Name : SHREE JAIN PATEL FOUNDATION**

**Bank : IDFC FIRST BANK • Branch : Kalawad Road, Rajkot**

**Account No. : 10062806785 • IFSC Code : IDFB0042421**

# સર્વ સિદ્ધિદાયક સિદ્ધિતપ



## કરિશ્મા પટેલ

પૌત્રી : કંચનબેન પ્રવિણચંદ્ર પટેલ
સુપુત્રી : પ્રિયા રૂપેશ પટેલ



## વત્સલ પટેલ

પૌત્ર : કંચનબેન પ્રવિણચંદ્ર પટેલ
સુપુત્ર : પ્રિયા રૂપેશ પટેલ

• શુભેચ્છક •

પટેલ પરિવાર
કાલાવડ (શીતલા), રાજકોટ, રાયપુર

# ૧૦ ઉપવાસ કરનાર તપસ્વીને ભૂરિ ભૂરિ અનુમોદના



## ચિ. પાર્થ ગૌતમ પટેલ

• શુભેચ્છક •

હ. માતૃશ્રી નિલાબેન નવિનચંદ્ર પટેલ
મૈત્રી ગૌતમ પટેલ, રાજકોટ
પટેલ સિરામિક (વાંકાનેર)

# પરિવાર દ્વારા અવિરત શ્રદ્ધાંજલિ પુષ્પ



## સ્વ. હરસુખરાય ઠાકરશીભાઈ પટેલ

જન્મ તા. ૨૩-૦૨-૧૯૩૭ • સ્વ. તા. ૧૦-૦૯-૨૦૨૪

કાલાવડ વાળા • હાલ જામનગર

કોઈ ક્ષણ એવી નથી જે તમારા સ્મરણથી અલિપ્ત હોય
કોઈ જગ્યા એવી નથી જ્યાં જ્યાં તમારૂ વાત્સલ્ય ન હોય
કોઈ સફળતા એવી નથી જેમાં તમારા આશીર્વાદ ન હોય
દૃષ્ટિમાં હજુ રમે છે આપનો વાત્સલ્યસભર ચહેરો
આવી રીતે તમો ચાલ્યા જશો તે ખ્યાલ પણ આવવા ન દિધો
તમો એક પલમાં જીંદગીભરનું સંભારણું છોડી ચાલ્યા ગયા

પરિવાર તેમનું મંદિર હતું, સ્નેહ તેમની શક્તિ હતી, પરિશ્રમ તેમનું કર્તવ્ય હતું, પરમાર્થ તેમની ભક્તિ હતી, ચંદનની સુવાસ જેવું તેમનું જીવન હતું.

આપના ઉચ્ચ વિચારો લાગણીશીલ સ્વભાવ કુટુંબ પ્રત્યેની ભાવના
અને પ્રેરણાદાયી જીવન હંમેશા અમારા માટે માર્ગદર્શક બની રહેશે
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી
જયશ્રી માંડવરાયજી દાદાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના

### આપના સંસ્મરણોની યાદમાં

ધર્મપત્નિ : મંજુલાબેન હરસુખરાય પટેલ
પુત્રવધૂ : પારૂલબેન દિલીપભાઈ પટેલ
દિકરી-જમાઈ : મીનાબેન ઉપેન્દ્રકુમાર વારીયા
દિકરી-જમાઈ : દિનાબેન મયુરભાઈ દામાણી
દિકરી-જમાઈ : નિકીતાબેન નિરજભાઈ વખારીયા

પુત્ર : દિલીપભાઈ હરસુખરાય પટેલ
પૌત્ર : વત્સલ દિલીપભાઈ પટેલ
દોહિત્ર-દોહિત્રી : શ્રેયાસ, સ્નેહા, બિનલ, તનિષ
ભાઈઓ : રમેશભાઈ, વિનુભાઈ

તેમજ પટેલ પરિવાર જય જિનેન્દ્ર

**Published by : Shri Chandrakantbhai H. Patel - Advocate (Past President : Shri Jain Patel Foundation)**
105, Umesh Complex, Nr. Chaudhary High School, Rajkot - 360 001. (India) Cell : 94269 18619 E-mail : chpatel18619@yahoo.com
**Printed at : Print Town Pvt. Ltd. C/o.Parshva Printers,** 'Kishor Kunj, 1/7, Ramkrishnanagar, Rajkot. Ph. 2465883, M. 9428 22 66 99